જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૬/૦૯/૨૦૧૮ રવિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૦૪/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૨ કેસ કરી, ૬૬ વ્યક્તિઓને ઝડપી, ૧૮૬ લીટર દેશી દારૂ, ૩૫૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ રિક્ષા અને ૩ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૮ કેસ કરી ૪૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૮,૫૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૦૫/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૮૦૬/૧૮

**નવરંગપુરા** : મનોજભાઇ હરિનારાયણસિંહ અગ્રવાલ (રહે,વિજયમાર્ગ બ્રીજ દુકાનની સામે, આદર્શનગર, તા.જયપુર જી.જયપુર રાજસ્થાન) એ તા.૧૫/૦૯/૨૦૧૮ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આશરે દશ દિવસ પહેલા થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી પ્રકાશ પટેલ એ નવરંગપુરા સી.જી.રોડ ૧૦૪ ગોલ્ડ સૌક, પરખ ઇન્ટરનેશનલ જેન ટેસ્ટીંગ લેબોરેટ્રી ખાતેથી મનોજભાઇ પાસેથી જેમ્સ (રાસીરત્ન) નીલમ નંગ-૮, પોખરાજ નંગ-૪, પન્ના નંગ-૫, મુંગા(કોરલ) નંગ-૪ જેની કુલ કિંમત રૂપીયા ૧,૦૦,૦૦૦/- ખરીદવાનો પાકો વિશ્વાસ અપાવી, મનોજભાઇની જાણ બહાર લઈ જઈ, મનોજભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.પરમાર ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૮૦૭/૧૮

**સરદારનગર** : મુકેશભાઇ સેવકરામ મનસાણી (રહે.જયભવાની કોલોની આદર્શ સ્કુલ સામે કુબેરનગર સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૯/૧૮ ના કલાક ૬/૦૦ થી ૭/૦૦ વાગ્યા દરમ્યાન અજાણી વ્યક્તિ પોતાના ઘરમાં પ્રવેશ કરી, રૂમના ટેબલ ઉપર મુકેલ વીવો-૯ મોબાઇલ ફોન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- તથા રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- તેમજ પોતાના ભત્રીજા મયુરકુમાર મંછાણી નો મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૧૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૮,૦૦૦/- મતાની ચોઈ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિહ અર્જુનસિહ ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૦૮/૧૮</u>**

**સોલા હાઇકોર્ટ** : ગૌરવ દેવીંદર શાસ્ત્રી (રહે, નિત્યાનંદ એપાર્ટમેંટ ભાઇકાકાનગર થલતેજ) એ તા.૧૫/૯/૧૮ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૯/૨૦૧૮ ના કલાક 00/30 થી સવારના ૭/30 દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, બેડરૂમમાંથી એપલ કંપનીનો આઇફોન-૭ મોબાઇલ ફોન કિમત રૂપિયા ૪૫,000/-, નોકીયા કંપનીનો મોબાઇલ ફોન કિમત રૂપિયા ૧,000/- તથા બ્લુટૂથ સ્પીકર કિમત રૂપિયા ૧૫,000/- મળી કુલ રૂપિયા ૬૧,000/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આર.ગઢવી ચલાવે છે.

**સાબરમતી** : આગમભાઇ મીતેષકુમાર જૈન (રહે,હીરાજૈન સોસાયટી સાબરમતી કોલેજ પાસે સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૯/૨૦૧૮ બપોરના ૨/00 થી ૨/૪૫ દરમ્યાન પોતાના મકાનના ખુલ્લા દરવાજાથી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, સોનાના હીરાજડીત પાટલા નંગ-૨ કિંમત રૂપીયા ૨,૯૧,000/-, ચાંદીની ચમચી નંગ-૨ કિંમત રૂપીયા ૪,000/- અને રોકડ રૂપીયા ૧૦૫૦/- તેમજ આધારકાર્ડ, ચુંટણીકાર્ડ મળી કુલ રૂપિયા ૨,૯૬,૦૫૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી અરવીંદભાઇ માનાભાઇ ચલાવે છે.

**<u>અપમૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૦૯/૧૮</u>**

**નિકોલઃ** અતુલકુમાર શ્યામકુમાર તીવારી (રહે.ઓઢવ પશુપતિનાથના મંદિર પાછળ તલાવડી પાસે ઓઢવ) તા.૧૪/૯/૧૮ સાજના ૭/00 વાગ્યાના સુમારે કઠવાડા જી.આઇ.ડી.સી ચામુંડા ઇન્ડ્સ્ટ્રીઝ ફેકટરીમાં ગેસના બાટલાથી લોખંડની પ્લેટો કાપતા હતા ત્યારે ગેસના બાટલાની પાઇપ ફાટી જતા દાઝી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૦૯/૧૮ કલાક ૮/30 વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.ચીમનસિહ ગુલાબસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.